# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
# અમદાવાદ

## ચેક વિત્તરણ કાર્યક્રમનો અહેવાલ- સૌ વાંચે

આજરોજ તા. ૪-૧-૧૬ના રોજ ચતુર્વિધ કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થના અને મહાત્મા ગાંધીજીના પ્રીય ભજન ''વૈષ્ણવજન''થી કરવામાં આવી હતી.

કાર્યક્રમનો પ્રારંભ સ્કુલબોર્ડના શાસનાધિકારીશ્રીએ સ્વાગત પ્રવચન કરીને કાર્યક્રમની રૂપરેખા આપીહતી. ત્યાર બાદ સન્માનનીય શિક્ષણમંત્રી શ્રી ચૂડાસમા સાહેબ સહિત મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી.

ત્યારબાદ આ કાર્યક્રમને પ્રસંગોચિત પ્રવચન કરી શ્રી ભાવસાર સાહેબે સ્કુલબોર્ડની કામગીરી તેમ જ કોર્પોરેશન-રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગની સરાહના કરી હતી. તેઓએ એમ પણ કહ્યુ કે છેલ્લા દસકામાં મ્યુનિ. મદદથી ઉત્તમ શિક્ષણ બને તેવા પ્રયાસ કર્યા છે અને તેમાં સફળતા પણ મળી છે તેમણે ગુણોત્સવ નિમિત્તે શુભેચ્છા પણ પાઠવી હતી.

ત્યાર બાદ આ કાર્યક્રમના મુખ્ય મહેમાન અને સક્ષમ નેતૃત્વ કરનાર શ્રી ચુડાસમા સાહેબે પ્રેરક પ્રેરણા અને પ્રોત્સાહિત પ્રવચન કર્યુ, તેમણે શિક્ષક પરિવાર, દીકરા, દીકરીઓ જેવા સંબોધન તેમજ સ્કુલબોર્ડના ચેરમેનશ્રીના આગ્રહથી વ્યસ્ત હોવા છતાં ઉપસ્થિત રહેવાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો તેમણે કહ્યું મને તમે બોલાવો છો ત્યારે સમયના અભાવ છતાં સમય કાઢી લઉ છું.

વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકસંતાન ઉપરાંત જે લાભાન્વિત થવાના છો તે સૌને અભિનંદન. આ સહાયથી કુટુંબ સમાજને વળતર મળે તેવી શુભેચ્છા પાઠવુ છું. શાળાઓના નાના ભૂલકા માટેની સહાય પહેલાં અમુક વર્ગના બાળકો માટે ઉપલબ્ધ હતી પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેને તમામ માટે આ સુવિધા ઉપલબ્ધ કરાવી. તેમણે કહ્યું ''શિક્ષણ એકાંગી નહી સર્વાંગીણ હોવું જોઈએ.''

વિશ્વના તમામ મહાન નેતાઓ એક વાત ઉપર જરૂર ભાર મૂક્યો (એક વાત કહી)

''માણસનું ઘડતર શિક્ષણ દ્વારા જ થાય તમામ સમસ્યાઓનો ઉકેલ શિક્ષણમાં જ છે.'' તેમણે ઉમેર્યુ કે ૨૦૦૩ સુધી ૭૫ % નામાંકન થતુ હતું.

ખાસ સમજણવાળા અમુક લોકો પ્રવેશોત્સવ, ગુણોત્સવનો વિરોધ કરે છે, કરી રહ્યા છે તે વખતે રેલ્વેસ્ટેશન બસસ્ટેન્ડ ઉપર ૭ વર્ષના ૧૨ વર્ષના બાળકો ''ચા''ની લારી ઉપર કામ કરતા હતા વાલીઓ પણ સાંજે ૫૦ રૂા. કેવી રીતે મેળવે તે માટે સાથે મજૂરીએ લઈ જતા. ૨૦૦૩માં ૭મા પછી ૩૦ % ડ્રોપ આઉટ રેશિયો અને ૧ થી ૫માં ૨૦ % ડ્રોપ આઉટ રેશિયો હતો તે ૨૦૧૩માં ૩૦ % ને બદલે ૭ % અને ૨૦ %ને બદલે ૨ % થયો છે. ૯૯ % નામાંકન થયું છે.

સમાજે પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનનો આભાર માનવો જોઈએ તેમને પ્રવેશોત્સવ અને ગુણોત્સવથી ગુજરાતના પ્રત્યેક વિદ્યાર્થીઓનું ધ્યાન રાખવા અને ગુણવત્તા લાવવા શરૂઆત કરી - કેવુ હતુ? કેવુ છે ? કેવુ થશે ? તેની ઉપર ભાર મૂકાયો, એક-એક વિદ્યાર્થીઓને યુનિક આઈ.ડી.થી જોડવામાં આવ્યા.

થોડાક સમય પહેલાં મહામંડળને સંચાલક(ગુ.રા.મા.આચાર્ય સંઘ)ને મળવાનું થયું. મે કહ્યું કે તમે આ અભિયાનમાં જોડાવ, આ ભવિષ્ય છે, આ એક પાસુ નબળુ રહે તે ન ચાલે. શિક્ષણ વિભાગ વર્ગ દીઠ શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રકચરની હમેશાં ચિંતા કરે છે.

૨૦૧૩માં ઈન્ડિયા ટુ ડે એ સર્વે કરાવ્યો તેમાં આઠ પેરામીટર રાખવામાં આવ્યા હતા, તેમાં ગુજરાત

૨૦૧૩ માં ૧૩ મા નંબરે

૨૦૧૪ માં ૭ મા નંબરે

૨૦૧૫ માં (નવેમ્બરના ઈન્ડિયા ટુ ડે) ૨ જા નંબરે આવ્યું છે.

પ્રોફેસર પણ શાળાનું ધ્યાન રાખે, આ મારુ તારુ નહી પણ આપણું માની માર્ગદર્શક બનીએ, એક બીજા સમન્વયથી કાર્ય કરીએ. સર્વાગીણ વિકાસ માટે પુનઃ કહું છુ કે શિક્ષણ જ ઉત્તમ માધ્યમ છે.

આપણને આવતી કાલના શ્રેષ્ઠ નાગરિક બનાવવાની જવાબદારી ઈશ્વરે સોંપી છે. સાંપ્રત સમયમાં ખાનગી સરકારીની ચર્ચા ચાલે છે. દરેકની માનસિકતા એવી છે પરંતુ અમદાવાદ અને સુરતની માહિતી મળી કે ખાનગીમાંથી મ્યુનિ. શાળામાં ઘણા વિદ્યાર્થીઓ આવ્યા છે. મ્યુનિ. જેવુ ઈન્ફ્રા. અને સલામતી ક્યાંય નથી.

પ્રામાણિક સનિષ્ઠ પ્રયાસોથી વ્યક્તિનું ઘડતર કાર્ય કરવુ તે કુદરતે આપણને સોંપ્યું છે તમારી ગમતી પ્રાર્થના અને ભજનના એક-એક અર્થ સમજાવવા, એક એવો પિરિયડ લો. આ ભજનમાં (વૈષ્ણવજન) સમાજની તમામ સમસ્યાનો ઉકેલ છે. અત્યારે સમાજમાં આપઘાત અને બળાત્કારની ઘટનાઓ બને છે તે જો ૧ થી ૧૨ માં આ ભજન તેમના સ્તર પ્રમાણે સમજ આપવામાં આવે તો સંસ્કાર, શિસ્ત, સત્ય, અહિંસા, પ્રેમ, લાગણી જેવા તમામ ગુણોનો સમાવેશ થશે.

" મનુષ્ય તુ બડા મહાન હૈ " આ પ્રાર્થનાના શબ્દો હિંમત આપે છે જ્યારે વૈષ્ણવજન સંસ્કાર અર્પે છે આ બન્નેના સમન્વયથી તમામ બાળકો તથા શિક્ષકોને ફાયદો થશે. અમે માનનીય વડાપ્રધાનશ્રી સાથે પિરાણામાં કલાકો સુધી સાંભળતા.. આ જ તો અમારો પ્રેરણાસ્રોત છે.

મોરારિ બાપુએ હમણાં જ કહ્યું કે એજ રામાયણ એજ રામ એજ કથાકાર પરંતુ કલાકો સુધી કેમ મય થઈ જાય છે કારણકે કંઈક નવું આપે છે. હંમેશા નવુ પીરસવા તૈયાર રહેવુ પડે. આજનું જ્ઞાન આવતી કાલે જૂનુ છે એ જ્ઞાનને નવા સાથે જોડીને નાવીન્યસભર બનાવી શકાય.

પુનઃ એકાંગી શિક્ષણ ભૂલી સર્વાગીણ વિકાસ થાય, એટલેકે બાળક રમત-ગમત-સહભ્યાસ-સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં પણ ભાગ લેતો હોવો જોઈએ.

સુંદર મજાના કાર્યક્રમ બદલ આયોજકો શ્રી જગદીશભાઈ તથા હર્ષદભાઈ, શાસનાધિકારીશ્રી, તેમજ મેયર, ડેપ્યુટીમેયર, નેતાશ્રી, દંડકશ્રીને પુનઃ અભિનંદન.